# વાવ નજીક નર્મદા કેનાલમાં કાર પડતા એક જ પરિવારના પાંચના મોત

**થરાદનો** કિયાલ પરિવાર ભેંસાણમાં માતાજીના દર્શન કરી પરત ફરી રહ્યો હતો

ગાંધીનગર : બનાસકાંઠાના વાવના દેવપુરા નજીક નર્મદા કેનાલમાં કાર ખાબકતા પાંચ વ્યક્તિનાં મોત થયા હતાં. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ થરાદના કિયાલ ગામનો ગોસ્વામી પરિવારના ભેસાણ ગામે માતાજીના દર્શન કરી પરત આવી રહ્યો હતો, ત્યારે દેવપુરા નજીકની કેનાલમાં કાર કેનાલમાં ઉતરી જતા અકસ્માત થયો હતો.

જેમાં એક જ પરિવારના પાંચ લોકો નવીન જીવાપુરી ગોસ્વામી, હેતલ નવીનપુરી ગોસ્વામી, કાવ્યા ગોસ્વામી ઉં.વ.6, મીનલ ગોસ્વામી ઉં.વ. 3 અને પિયુષ ગોસ્વામી ઉં.વ.2નું મૃત્યુ થયું હતું. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ હતી.

## પાંચ મૃતદેહ બહાર કાઢ્યા

પ્રાપ્ત વિગતો અનુસાર બનાસકાંઠા જિલ્લાનાં વાવ તાલુકાના દેવપુરા ગામ નજીક બુધવારે સાંજે નર્મદાની મુખ્ય કેનાલમાં કાર ખાબકી હતી. આ અકસ્માતમાં કિયાલ ગામનાં યુવક અને તેની ત્રણ દીકરીઓનું ડુબી જવાથી મોત નીપજ્યું હતું. જો કે યુવકની પત્ની પાણીમાં ડૂબી જતાં ફાયર વિભાગની ટીમ સહિત અધિકારીઓએ તેમની શોધખોળ હાથ ધરી હતી. અંતે ફાયર વિભાગની ટીમને પાંચ મૃતદેહ બહાર કાઢ્યા હતા.

## દેવપુરા કેનાલમાં કાર ખાબકી

થરાદના કિયાલ ગામના યુવક, તેની પત્ની અને ત્રણ દીકરીઓ સાથે બુધવારે કાર લઈને દિયોદર નજીક ગોગા મહારાજના દર્શન માટે ગયા હતા અને ત્યાંથી તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમિયાન દેવપુરા નજીક કાર કેનાલમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં ગૌસ્વામી નવીનભાઈ જીવાપુરી, ગૌસ્વામી હેતલબેન નવીનપુરી તેમજ તેમની ત્રણ દીકરીઓ ગૌસ્વામી કાવ્યાબેન, ગૌસ્વામી મીનલબેન, ગૌસ્વામી પિયુબેનનું મૃત્યુ નીપજ્યું હતું.

### જાહેર હરાજી

આથી જાણ કરવામાં આવે છે કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, વલસાડ અને તાલુકા પંચાયત ઉમરગામ બાંધકામ વિભાગ દ્વારા મળેલ મંજૂરી અન્વયે ગુ. પ્રાથમિક શાળા તલવાડા પારસીપાડા તાલુકો ઉમરગામ, જિ-વલસાડના જર્જરીત કિચન શેડની જાહેર હરાજી ૧૬-૦૪-૨૦૨૫ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે શાળાના મેદાનમાં રાખવામાં આવેલ છે. તો જે વ્યક્તિઓએ હરાજીમાં ભાગ લેવાની ઈચ્છા હોય તેઓએ ઉપયુક્ત સમય અને સ્થળે હાજર રહેવા જાહેર આમંત્રણ છે. હરાજીની શરતો હરાજીના સ્થળ પર હરાજી શરૂ થયા પહેલા વાંચી સંભળાવવામાં આવશે. હરાજીના ડિપોઝિટ પેટે રૂપિયા ૫૦૦/- (પાંચ સો પૂરા) ભરવાના રહેશે.

સ્થળ: ગુ.પ્રાથમિક શાળા તલવાડા પારસીપાડા,
તાલુકો:- ઉમરગામ, જિ:- વલસાડ
તારીખ:- ૧૬-૦૪-૨૦૨૫
સમય:- સવારે ૯:૦૦ કલાકે

સહી/-
વિ.ર.પટેલ
મુખ્ય શિક્ષકશ્રી
તલવાડા પારસીપાડા
ઉમરગામ

નં. માહિતી/વલસાડ/૧૨/૨૦૨૫

### નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
### જાહેર નિવિદા નં,૦૨ સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, ડાંગ પંચાયત સિંચાઇ વિભાગ,આહવા, જી.ડાંગની કચેરી આહવા (ફોન નં.૦૨૬૩૧-૨૨૦૩૬૮) તરફથી અત્રેના વિભાગ હેઠળના નાની સિંચાઇના વિવિધ કામો માટે યુનિટ દરના વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ માટે જાહેર બાંધકામ વિભાગ હેઠળ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારો પાસેથી ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ પધ્ધતીથી ભાવો મંગાવવામા આવે છે. ટેન્ડરની બધીજ વિગતો www.nwr.nprocure.com તેમજ www.statetendar.com વેબ સાઇટ ઉપર જોવા મળશે. આ સાઇટ ઉપર ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.

નોંધ-
(૧) જુદી જુદી આઇટિમના એજન્સી દ્વારા ભરવામાં આવેલ દરો પૈકી જે દરો સૌથી નીચા હોય,આ આઇટિમના દરો આખા કામ માટે ભાગ લેનાર એજન્સીએ માન્ય રાખી સંમતિ આપવાની રહેશે. તે દરેક આઇટિમના નીચા દર મુજબ કામ દીઠ કામના કરાર કરવામા આવશે. જરૂરીયાત મુજબ કામ દીઠ એગ્રીમેન્ટ કરવામાં આવશે.
(૨) આ ટેન્ડરમા ભાગ લેનાર એજન્સીને તેમની કામ કરવાની મર્યાદા અને સંમતિ મુજબ કરાર માટે અગ્રીમતા આપવામાં આવશે. ટેન્ડરમાં ભાગ નહી લેનાર યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારોજો આ સૌથી નીચા દર મુજબ મંજુર થયેલ ભાવો મુજબ કામ કરવા સંમત હોય તો કામો પુર્ણ કરવાની સમયમર્યાદાને અને કામના હિતને ધ્યાને લઈતે એજન્સી મારફતે કામો કરાવવા માટે અત્રેની કચેરીનો હક્ક અબાધીત રહેશે. જે અંગે કોઈ વાદવિવાદ ધ્યાને લેવામાં આવશે નહીં
(3) ટેન્ડર ઓનલાઇન સબમીશન તા.૧૯/૦૪/૨૦૧૫, સમય ૧૮.૦૦ કલાક સુધી કરી શકાશે.
(૪) ખાસ કિસ્સા તરીકે અત્રેની કચેરીના "Executive Engineer Dang Panchayat Irrigation Division Ahwa" ના નામની રૂ.૫૦૦૦૦/- (અંકે રૂ. પચાસ હજાર પુરા) ની ૧(એક) વર્ષની એફ.ડી.આર. બાનાની રકમ તરીકે ભરવી ફરજીયાત છે. જેથી બાનામુક્તિ પ્રમાણપત્ર / ડીમાન્ડ ડ્રાફ્ટ / ૧(એક) વર્ષ કરતા ઓછા સમયની એફ.ડી.આર, ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ તેમજ તેઓના ટેન્ડર ખોલવામાં આવશે નહી.
(૫) ટેન્ડરફી, બાનાની રકમ, રજીસ્ટ્રેશન, ઇન્કમટેક્સ, પાનકાર્ડ, અદ્યતન વેલીડ સોલવન્સી સર્ટીફીકેટ, જી.એસ.ટી. સર્ટીફીકેટ વિગેરે દસ્તાવેજો ઇલેક્ટ્રોનીક રીતે સ્કેન કરી ઓનલાઇન સબમીટ કરવાના રહેશે. ઓનલાઇન સ્કેન કરેલ દસ્તાવેજો માન્ય અને આખરી રહેશે. ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.(બંને અસલમાં) તેમજ અન્ય જરૂરી ડોક્યુમેન્ટ તા.૨૮/૦૪/૨૦૨૫, સમય ૧૬.૦૦ કલાક સુધી અત્રેની કચેરીએ ટપાલ દ્વારા મોકલી આપવાના રહેશે.
(૬) ટેન્ડર ફી નોન-રીફંડેલ અને નોન ટ્રાન્સફરેબલ રહેશે. કોઇ પણ પ્રકારના કારણ વિના બધા ટેન્ડરો કે કોઇ ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો અધિકાર અત્રેની કચેરીને અબાધિત રહેશે.

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૬/૨૦૨૫

### અંક્લેશ્વર નોટિફાઇડ વિસ્તાર
### મુખ્ય અધિકારીશ્રી ની ક્ચેરી
### ફોન નં. (૦૨૬૪૬) ૨૨૨૪૮૭
### ટૂંકી મુદતની જાહેર નિવિદાનં. ૦૧/૨૦૨૫-૨૬

મુખ્ય અધિકારી, નોટિફાઇડ એરીયા જીઆઇડીસી અંક્લેશ્વર પ્લોટ નં.૬૧૮-૬૧૯, એ.આઈ.એ. કોમ્યુનીટી સેન્ટર,જીઆઇડીસી, અંક્લેશ્વર વિભાગ તરફ થી જીઆઇડીસી, ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ વિભાગ, હાઉસીંગ બોર્ડ અને જાહેર આરોગ્ય ખાતા ની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ યાદીનાં કોન્ટ્રાક્ટરો પાસે થી જુદા જુદા કામો નાં ટેન્ડરો મંગાવવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| અ.નં ૧ થી ૧૨ | ઓન લાઈન ટેન્ડર | આ ટેન્ડર ફક્ત ઓન લાઈન તા. ૦૪/૦૪/૨૦૨૫ થી ૧૫/૦૪/૨૦૨૫ ના ૧૭-૦૦ કલાક સુધી વેબ સાઈટ www.tender.nprocure.com અને www.statetenders.gujarat.gov.in ઉપર જ મોકલવા. |

- આ કામના ઓનલાઈન ટેન્ડર માટે ના બીજા દસ્તાવેજી પુરાવા, બાનાની રકમ, ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન ની કોપી વિગેરે તા. ૧૬/૦૪/૨૦૨૫ થી ૧૭/૦૪/૨૦૨૫ ના ૧૭-૦૦ કલાક સુધીમાં બાય સ્પીડ પોસ્ટ/કુરિયર/હેન્ડ ડિલીવરી થી મળેતે રીતે ચીફ ઓફીસર,નિર્દિષ્ટ વિસ્તાર,જીઆઇડીસી, અંક્લેશ્વર ની કચેરી ને મોકલવા. ટેન્ડર ઓપનીંગ શક્ય હશે તો તા. ૧૯/૦૪/૨૦૨૫ રોજ ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.
- આ કામ ની નિવિદા ઓફીસ નાં નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઈટ www.nprocure.com અને www.statetenders.gujarat.gov.in માં જોવા મળશે.વધુ માહીતીની જરૂરીયાત હોય તો ચીફ ઓફીસરનોટિફાઇડ એરીયા જીઆઇડીસી અંક્લેશ્વર (ફોન ૦૨૬૪૬-૨૨૨૪૮૭) ખાતે કામકાજ ના સમય દરમ્યાન મેળવી શકશે.

સહી/-
મુખ્ય અધિકારી,
નિર્દિષ્ટ વિસ્તાર અધિકારી,
જીઆઇડીસી,અંક્લેશ્વર.

માહિતી/ભરૂચ/૫/૨૦૨૫

### ઓનલાઇન જાહેર નિવિદા
**મનરેગા તાલુકા પંચાયત કચેરી, ઉચ્છલ -તાપી**
Email:- nrega.ucl@gmail.com

પ્રોગ્રામ ઓફિસર (મનરેગા)-વ- તાલુકા વિકાસ અધિકારી, ઉચ્છલ દ્વારા યોગ્યતા ધરાવતા સપ્લાયરો/એજન્સીઓ પાસેથી ઉચ્છલ તાલુકાના તમામ ગામોમા મનરેગા યોજનાના બાંધકામને લગતા માલસામાન પુરા પાડવા માટે ઓનલાઇન ટેન્ડર દ્વારા વાર્ષિક ભાવો મંગાવવામા આવે છે. જે કામની વિગતો તા.૦૪/૦૪/૨૦૨૫ પછીથી અત્રેની કચેરીમા નોટીસ બોર્ડ ઉપર અને વેબસાઇટ https://tender.nprocure.com ઉપર જોવા મળશે. ટેન્ડર ઓનલાઇન વિગતો આખરી ગણાશે ટેન્ડર મંજુર/નામંજુર કરવાનો અધિકાર સક્ષમ કક્ષાએથી અબાધીત રહેશે.

| ટેન્ડર ઓનલાઇન કરવાની તારીખ | ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ડોક્યુમેન્ટ રજુ કરવાની છેલ્લી તારીખ | ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૦૪/૦૪/૨૦૨૫ | ૨૪/૦૪/૨૦૨૫ | ૨૬/૦૪/૨૦૨૫ | ૨૮/૦૪/૨૦૨૫ |

ટેન્ડર નોટીસમાં હવે પછી સુધારા/વધારાઓ દૈનિક પેપરમાં નિવિદામા પ્રસિધ્ધ ન કરતા ઓનલાઈન કરવામાં આવશે અને ઓનલાઈન ભાવ ટેન્ડર ભરવા તેમજ વધારાની માહિતી માટે કામકાજના દિવસો દરમ્યાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

જાહેર નિવિદા -નં.-૨/૨૦૨૫-૨૬
ક્રમાંકઃ માહિતી-સુરત/૮/૨૦૨૫

તાલુકા વિકાસ અધિકારી
ઉચ્છલ

### વાપી મહાનગરપાલિકા- વાપી
**૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ**
**(પાણી પુરવઠા અને સીવરેજ શાખા)**

વાપી મહાનગરપાલિકા-વાપી, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી-૩૯૬૧૯૧, તા-વાપી, જી.વલસાડ, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા-વાપી કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapimunicipality.nprocure.com,https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. તથા પાણી પુરવઠા અને સીવરેજ શાખા નુ નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકા-વાપીને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામા આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત ૨. સરકાર માન્ય શ્રેણી | ૩. ટેન્ડર ફી ૪. ડીપોઝીટ ૫. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | વાપી મહાનગરપાલિકા વિવિધ વિસ્તારોમાં સને-૨૦૨૫- ૨૦૨૬ ના વર્ષ માટે પાણી પુરવઠા અને સીવરેજ શાખાના વિવિધ કામો કરવા માટેના વાર્ષિકભાવો મંગાવવાનું કામ. | આઇટમ રેટ | ૩.ઓનલાઈન ટેન્ડર મુજબ ૪. ઓનલાઈન ટેન્ડર મુજબ ૫. ૧૨ માસ |

| | |
|---|---|
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | ૦૭/૦૪/૨૦૨૫ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | ૨૧/૦૪/૨૦૨૫ |
| પ્રી બીડ મીટીંગ | ૧૧/૦૪/૨૦૨૫ ૧૨:૩૦ |
| ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | ૨૩/૦૪/૨૦૨૫ ૧૭:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૨૫/૦૪/૨૦૨૫ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) |

-સહી-
અશ્વીન પાઠક
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૧૪/૨૦૨૫

### નવસારી મહાનગરપાલિકા
### E.Tender Notice No.1 of 2025-2026

आज़ादी का अमृत महोत्सव

નવસારી મહાનગરપાલિકા દ્વારા નીચે જણાવેલ કામો માટે રસ ધરાવતા ઇજારદારશ્રીઓ તરફથી ઇ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજો વેબ સાઇટ https:/tender.nprocure.com ઉપર તા.૦૯.૦૪.૨૦૨૫ થી તા.૨૦.૦૪.૨૦૨૫ સુધી ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ તા.૨૦.૦૪.૨૦૨૫ સુધી ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર માટેની ઇ.એમ.ડી., ટેન્ડર ફી તથા જરૂરી સાધનીક કાગળો તા..૨૩.૦૪.૨૦૨૫ સુધીમાં મહાનગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ અથવા રજીસ્ટર એ.ડી.થી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા મહાનગરપાલિકાની રહેશે.

| અ. નં | કામનું નામ | ૧.અંદાજીત કિંમત ૨.સરકાર માન્ય શ્રેણી | ૩. ટેન્ડર ફી ૪.ડીપોઝીટ |
|---|---|---|---|
| ૧ | ૧૫ માં નાણાપંચની અનટાઇડ ગ્રાંટ વર્ષ ૨૦૨૦-૨૧ હેઠળ નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૨ માં આવેલ શિવાની રેસીડેન્સી (પાર્ટ - ૨) રસ્તો બનાવવાની કામગીરી (બીજો પ્રયત્ન). | ૧) રૂ. ૩૭,૬૪,૯૩૫.૦૦/- ૨) "ઇ-૧"-ક્લાસ અને ઉપર | 3) રૂ. ૧૭૭૦/- ૪) રૂ. ૪૪,૪૩૦/- |
| ૨ | સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત નવસારી મહાનગરપાલિકાના જુદા જુદા વિસ્તારમાં રસ્તા બનાવવાની કામગીરી (પેકેજ.૨ ઓફ ૨૦૨૪-૨૦૨૫) (બીજો પ્રયત્ન). | ૧) રૂ. ૨,૦૯,૪૫,૯૮૬.૦૦/- ૨) " બી "-ક્લાસ અને ઉપર | 3) રૂ. ૪૨૪૮/- ૪) રૂ.૨,૪૭,૧૭૦/- |
| ૩ | સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૦ માં આવેલ આકાર પાર્ક સોસાયટીમાં રસ્તો તથા રસ્તાની બંને બાજુ બ્લોકપેવિંગ કરવાની કામગીરી (બીજો પ્રયત્ન). | ૧) રૂ. ૨૭,૧૬,૮૩૮.૦૦/- ૨) "ઇ૧"-ક્લાસ અને ઉપર | 3) રૂ. ૧૭૭૦/- ૪) રૂ. ૩૨,૦૫૦/- |
| ૪ | સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં.૦૯ માં આવેલ ઓમ સાંઇ રેસીડેન્સીમાં રસ્તો તથા રસ્તાની બંને બાજુ બ્લોકપેવિંગ કરવાની કામગીરી (બીજો પ્રયત્ન). | ૧) રૂ. ૨૫,૫૬,૨૪૨.૦૦/- ૨) "ઇ૧"-ક્લાસ અને ઉપર | 3) રૂ. ૧૭૭૦/- ૪) રૂ. ૩૦,૧૭૦/- |
| ૫ | બાળ વિકાસ યોજના સશક્તિકરણની ગ્રાંટ વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ અંતર્ગત નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવેશ વિવિધ આંગણવાડી કેન્દ્રોનું મેઇન્ટેનન્સ અને રીનોવેશનની કામગીરી. | ૧) રૂ. ૫૭,૭૪,૩૮૩.૫૦/- ૨) "ડી"-ક્લાસ અને ઉપર | 3) રૂ. ૨૮૩૨/- ૪) રૂ. ૬૮,૧૪૦/- |
| ૬ | ૧૫ માં નાણાપંચ અનટાઇડ ગ્રાંટ અંતર્ગત નવસારી મહાનગરપાલિકાના સ્ટેશન રોડ થી કુવારા સર્કલ સુધી મેઇન રોડ રિકાર્પેટીંગ કરવાની કામગીરી (બીજો પ્રયત્ન). | ૧) રૂ. ૨૭,૫૧,૪૮૯.૪૭/- ૨) "ઇ-૧"-ક્લાસ અને ઉપર | 3) રૂ. ૧૭૭૦/- ૪) રૂ. ૩૨,૪૭૦/- |
| ૭ | વિકેન્દ્રીત જીલ્લા આયોજન વર્ષ ૨૦૨૪ - ૨૫ હેઠળ નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં ૧ જલાલપોર ખાતે આવેલ ખોડીયાર નગરમાં આંતરિક રસ્તાઓ રિકાર્પેટીંગ કરવાની કામગીરી (બીજો પ્રયત્ન). | ૧) રૂ. ૯,૦૩,૬૫૫.૦૦/- ૨) "ઇ-૨"-ક્લાસ અને ઉપર | 3) રૂ. ૧૦૬૨/- ૪) રૂ. ૯૦૪૦/- |
| ૮ | વિકેન્દ્રીત જીલ્લા આયોજન વર્ષ ૨૦૨૪ - ૨૫ હેઠળ નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં ૧ જલાલપોર ખાતે આવેલ ખોડીયાર નગરમાં મુખ્ય રસ્તો રિકાર્પેટીંગ કરવાની કામગીરી (બીજો પ્રયત્ન). | ૧) રૂ. ૭,૩૩,૬૪૧.૦૦/- ૨) "ઇ-૨"-ક્લાસ અને ઉપર | 3) રૂ. ૧૦૬૨/- ૪) રૂ. ૭૩૫૦/- |
| ૯ | નવસારી મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં વાર્ષિક ભાવે ડ્રેનેજ પાઇપ લાઇન અને મેઇન હોલ રીપેરીંગ કરવાની કામગીરી | ૧) રૂ. ૧,૦૦,૦૦,૦૦૦.૦૦/- ૨) "સી"-ક્લાસ અને ઉપર | 3) રૂ. ૩૬૦૦/- ૪) રૂ. ૧,૦૦,૦૦૦/- |

જાહેરાત www.statetenders.gujarat.gov.in પર ઉપલબ્ધ છે
માહિતી/નવસારી/૮/૨૦૨૫

સીટી ઇજનેર
નવસારી મહાનગરપાલિકા

# ડોનાલ્ડ ટ્રમ્પના રેસિપ્રોકલ ટેરિફથી દુનિયાના અર્થતંત્રમાં ભારે ઉથલપાથલ થશે




અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વભરના દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી તેની નકારાત્મક અસર ઘણા દેશોનાં શેરબજારો પર જોવા મળી રહી છે. વિશ્વ વેપારમાં જે ટેરિફ લાદવામાં આવતો હતો તે ડિમાન્ડ અને સપ્લાયના નિયમ મુજબ લાદવામાં આવતો હતો, પણ ટ્રમ્પે પહેલી વખત રેસિપ્રોકલ ટેરિફ નાખીને ટેરિફનો ઉપયોગ હથિયાર તરીકે કર્યો છે. ભારત પર ૨૬ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ૩૪ ટકા, વિયેતનામ પર ૪૬ ટકા અને કંબોડિયા પર ૪૯ ટકા ટેરિફ લાદ્યા છે. જો કે, ભારતનો ફાર્મા ઉદ્યોગ રાહતનો શ્વાસ લઈ શકે છે, કારણ કે ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફમાંથી દવાઓને મુક્તિ આપવામાં આવી છે. ભારતનો જેનેરિક દવા ઉદ્યોગ મોટા ભાગે અમેરિકન બજાર પર આધારિત છે. ભારત દર વર્ષે અમેરિકાને લગભગ ૧૨.૭ અબજ ડોલરની દવાઓની નિકાસ કરે છે, જેના પર તે લગભગ કોઈ કર ચૂકવતો નથી. જો કે, ભારતમાં આવતી અમેરિકન દવાઓ પર ૧૦.૯૧ ટકા ડ્યુટી ચૂકવવી પડે છે. ટ્રમ્પના ટેરિફમાંથી ચોક્કસ દવાઓને બાકાત રાખવામાં આવી છે. આમાં ઇન્સ્યુલિન, વિટામિન A, વિટામિન B1, વિટામિન B2, વિટામિન B5, વિટામિન B6, વિટામિન B12, વિટામિન C, વિટામિન E, ફોલિક એસિડ અને નિયાસિન જેવી દવાઓનો સમાવેશ થાય છે.

નિષ્ણાતોના મતે ભારત માટે ૨૬ ટકા ખૂબ ઊંચો છે અને તે ભારતીય કામદારોને ખરાબ અસર કરશે. આનાથી ભારતના સ્થાનિક બજારમાં માંગ ઘટી શકે છે અને ભારતના આર્થિક વિકાસ પર તેની નકારાત્મક અસર પડશે. જો કે, ભારતના ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગને થોડો ફાયદો થઈ શકે છે, કારણ કે વિયેતનામ જેવા દેશો પર ઊંચા ટેરિફ લાદવાથી વેપાર માર્ગો બદલાઈ શકે છે. કેનેડા, મેક્સિકો અને યુરોપિયન યુનિયનની તુલનામાં ટ્રમ્પે ભારત પ્રત્યે નરમ વલણ અપનાવ્યું છે, કારણ કે ભારત અમેરિકા સાથે વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે આ નવા ટેરિફ પછી ભારત કોઈ બદલો લે છે કે નહીં. ડોનાલ્ડ ટ્રમ્પે ઓટોમોબાઈલ જેવા ઉદ્યોગો પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. હવે જે પણ દેશ અમેરિકામાં ઓટોમોબાઇલની નિકાસ કરશે તેણે ૨૫ ટકા ટેરિફ ચૂકવવો પડશે. કેટલાંક ઉત્પાદનો એવાં છે, જેના પર ભારે ટેરિફ લાદવામાં આવ્યા છે.

ભારત એવા દેશોમાંનો એક છે, જે અમેરિકન માલ પર સૌથી વધુ ટેરિફ લાદે છે. ભારત અમેરિકાથી આયાત પર સરેરાશ ૧૭ ટકાના દરે સૌથી વધુ ટેરિફ લાદે છે, જ્યારે ૨ એપ્રિલ પહેલાં અમેરિકાનો ટેરિફ ફક્ત ૩.૩ ટકા હતો. ૧૯૯૦-૯૧ સુધી ભારતમાં સરેરાશ ટેરિફ દર ૧૨૫% સુધીનો હતો. ઉદારીકરણ પછી તેમાં ઘટાડો થવા લાગ્યો. ૨૦૨૪માં ભારતનો સરેરાશ ટેરિફ દર ૧૧.૬૬% હતો. ભારત સરકારે ૧૫૦%, ૧૨૫% અને ૧૦૦% ના ટેરિફ દરો નાબૂદ કર્યા છે. ટ્રમ્પ ફરીથી રાષ્ટ્રપતિ બન્યા પછી ભારત સરકારે ટેરિફ દરોમાં ફેરફાર કર્યા છે. હવે ભારતમાં સૌથી વધુ ટેરિફ દર ૭૦% છે. ભારતમાં લક્ઝરી કાર પર ૧૨૫% ટેરિફ હતો, જે હવે ઘટાડીને ૭૦% કરવામાં આવ્યો છે. આ સ્થિતિમાં ભારતનો સરેરાશ ટેરિફ દર ૨૦૨૫ માં ઘટીને ૧૦.૬૫% થઈ ગયો છે.

નિષ્ણાતોનો અંદાજ છે કે ટેરિફને કારણે ભારતને વાર્ષિક ૭ અબજ ડોલરનું નુકસાન થશે. ભારત અમેરિકાને ૧૧.૮૮ અબજ ડોલરના મૂલ્યના સોના, ચાંદી અને હીરાની નિકાસ કરે છે. જો આ ક્ષેત્રમાં નિકાસ ઘટશે તો તેની અસર નાના કારીગરો અને ઉદ્યોગો પર પડી શકે છે. ભારત અમેરિકાને ૧૪.૩૯ અબજ ડોલરના મોબાઇલ, ટેલિકોમ અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો વેચે છે. સ્વાભાવિક છે કે, તેમના પર પણ અસર થશે. આનાથી iPhones અને અન્ય મોબાઇલ ઉપકરણો મોંઘાં થઈ શકે છે. ભારતમાં પણ ઘણાં મોબાઇલ ઉપકરણો મોંઘાં થઈ શકે છે. ભારત અમેરિકાને ૪.૯૩ અબજ ડોલરના કાપડની નિકાસ કરે છે. આ ઉપરાંત, ફૂટવેર સેક્ટરને પણ ટેરિફનો સામનો કરવો પડશે.




ભારતમાં અમેરિકાનાં કૃષિ ઉત્પાદનો પર સરેરાશ ટેરિફ ૩૭.૭% છે, જ્યારે અમેરિકામાં ભારતીય કૃષિ ઉત્પાદનો પર તે ૫.૩% છે, પરંતુ હવે આ ટેરિફ ૨૬% થઈ ગયો છે.

ભારત અને અમેરિકા વચ્ચેનો દ્વિપક્ષીય કૃષિ વેપાર ૮૦૦ કરોડ રૂપિયાનો છે. ભારત મુખ્યત્વે ચોખા, ઝીંગા, મધ, વનસ્પતિ અર્ક, એરંડા તેલ અને કાળા મરીની નિકાસ કરે છે, જ્યારે યુએસ બદામ, અખરોટ, પિસ્તા, સફરજન અને કઠોળ મોકલે છે. ભારત અમેરિકાને ૨.૫૮ અબજ ડોલરના મૂલ્યના સીફુડની નિકાસ કરે છે. તેની નિકાસ ઓછી થવાને કારણે, તે ભારતમાં સસ્તું મળી શકે છે, પરંતુ આ વિસ્તારનાં લોકોની આવક ઘટશે. ભારતથી અમેરિકા જતાં ખાંડ, પ્રોસેસ્ડ ફુડ અને કોકો પર પણ ટેરિફની અસર થશે. આના કારણે અમેરિકામાં ભારતીય મીઠાઈઓ અને નાસ્તા મોંઘાં થશે. જો નિકાસ ઘટશે તો ભારતીય કંપનીઓને નુકસાન થશે. ડેરી ઉત્પાદનો પર ૩૮.૨૩ ટકાના ટેરિફ તફાવતથી ૧૮.૧૫ કરોડ ડોલરના વેપાર પર ગંભીર અસર પડશે. ઘી, માખણ અને દૂધનો પાવડર મોંઘો થશે અને તેમનો બજાર હિસ્સો ઘટશે. ભારતમાં તે સસ્તું થઈ શકે છે. ટેરિફની જાહેરાત પછી નાળિયેર અને સરસવના તેલની કિંમતમાં વધારો થશે. આનાથી સરસવ અને નાળિયેરનું ઉત્પાદન કરતા ખેડૂતોને અસર થશે. આની સીધી અસર ખેડૂતોની આવક પર પડશે. ટેરિફ વધારાથી જો ઉત્પાદન ઘટશે તો રોજગારના પ્રમાણમાં પણ ઘટાડો થશે.

ભારત અમેરિકાને ૧.૬૮ અબજ ડોલરના સેમિકન્ડક્ટર વેચે છે. ભલે ભારત વૈશ્વિક બજારમાં મોટો ખેલાડી નથી, તેમ છતાં ભારતીય કંપનીઓને આ ઉદ્યોગને આપવામાં આવેલી છૂટનો લાભ મળશે. ટ્રમ્પે ફોટોસેન્સિટિવ સેમિકન્ડક્ટર ડિવાઇસ, ટ્રાન્ઝિસ્ટર, ફોટોસેન્સિટિવ ટ્રાન્સડ્યુસર્સ, સેમિકન્ડક્ટર ડિવાઇસ, ડાયોડ પાર્ટ્સ અને એલઈડી જેવાં ઉત્પાદનોને ટેરિફમાંથી મુક્તિ આપી છે. ભારતના હીરા ઉદ્યોગનો મોટો હિસ્સો અમેરિકામાં નિકાસ થાય છે. અહીંની લેબમાં બનેલા મોટા ભાગના હીરા અમેરિકામાં વેચવામાં આવે છે. ટ્રમ્પે હીરા અને ઝવેરાતની આયાત પર ટેરિફની જાહેરાત કરી છે, તેથી તેની અસર ભારતના હીરા ઉદ્યોગ પર પણ ચોક્કસપણે પડશે. ભારત અમેરિકાથી ભારતમાં નિકાસ થતી કાર પર ટેરિફ લાદે છે. હવે ટ્રમ્પે ભારતમાંથી અમેરિકામાં નિકાસ થતી કાર અને તેની એસેસરીઝ પર પણ ટેરિફની જાહેરાત કરી છે. ૨૦૨૩ માં અમેરિકા દ્વારા ભારતમાં નિકાસ કરાયેલી સૌથી મોટી વસ્તુઓમાં ક્રુડ ઓઇલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ ૧૪ અબજ ડોલર રહી હતી, જ્યારે અમેરિકા ભારતમાંથી રિફાઇન્ડ તેલની આયાત કરે છે. ટ્રમ્પે રિફાઇન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનો પર ટેરિફની જાહેરાત કરી છે. ભારત અમેરિકાથી ભારતમાં આવતાં કપડાં અથવા કાપડ પર ૨૪.૮ ટકા ટેરિફ લાદે છે. ભારત અમેરિકામાં પણ કપડાંની નિકાસ કરે છે. ભારત અમેરિકાને ૪.૯૩ અબજ ડોલરના કાપડની નિકાસ કરે છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેના પર પણ ૨૬ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમની આર્થિક નીતિના કેન્દ્રમાં ટેરિફ રાખ્યો છે. તેઓ અમેરિકામાં વેપાર સંતુલન લાવવા અને અમેરિકાની આયાત અને નિકાસ વચ્ચેનું અંતર ઘટાડવા માંગે છે. વર્ષ ૨૦૨૪ માં અમેરિકા લગભગ ૯૦૦ અબજ ડોલરની વેપાર ખાધમાં હતું. ૪ માર્ચે ટ્રમ્પે યુએસ કોંગ્રેસને કહ્યું હતું કે અત્યાર સુધી પૃથ્વી પરના દરેક દેશે દાયકાઓથી આપણને લૂંટ્યા છે, પરંતુ હવે અમે આવું ફરીથી નહીં થવા દઈએ. લાંબા ગાળે, ટેરિફ અમેરિકાની ઉત્પાદનક્ષમતામાં વધારો કરશે અને નોકરીઓ બચાવશે. ટેરિફથી અમેરિકન સરકારની આવકમાં વધારો થશે અને ટેરિફને કારણે વિદેશી કંપનીઓ અમેરિકામાં માલનું ઉત્પાદન કરશે. ટ્રમ્પે ૨૪ માર્ચે જાહેરાત કરી હતી કે દક્ષિણ કોરિયન કાર કંપની હ્યુન્ડાઇ અમેરિકામાં ૨૧ અબજ ડોલરનું રોકાણ કરી રહી છે. તેમણે દાવો કર્યો હતો કે ટેરિફને કારણે હ્યુન્ડાઇ પોતાનું કામકાજ અમેરિકા ખસેડી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ ભલે ગમે તેવા દાવાઓ કરતા હોય, પણ અર્થશાસ્ત્રીઓએ ચેતવણી આપી છે કે રેસિપ્રોકલ ટેરિફ અમેરિકન ગ્રાહકો માટે કિંમતમાં વધારો કરશે અને અમેરિકન કંપનીઓ માટે ઉત્પાદનખર્ચમાં વધારો કરશે. ટેરિફને કારણે આગામી વર્ષમાં અમેરિકાના અર્થતંત્રમાં ૦.૬ ટકાનો ઘટાડો થશે અને તેના કારણે ૨.૫ લાખ નોકરીઓ જશે. કેનેડા અને મેક્સિકો તેમની આયાત માટે અમેરિકન બજાર પર નિર્ભર છે અને તેમને તેની ભારે કિંમત ચૂકવવી પડશે અને મંદી ટાળવી અશક્ય બનશે.

**ડોનાલ્ડ ટ્રમ્પ ભલે ગમે તેવા દાવાઓ કરતા હોય, પણ રેસિપ્રોકલ ટેરિફ અમેરિકન ગ્રાહકો માટે કિંમતોમાં વધારો કરશે અને અમેરિકન કંપનીઓ માટે ઉત્પાદન ખર્ચમાં વધારો કરશે**




















